


સંસાર અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. એના ઉકેલ, નિવારણ માટે જીવ સતત મથ્યા કરે છે. મારી દ્દષ્ટિએ સંસારની તમામ આધિ-વ્યાધિ-ઉપાધિના શમન માટે એક માત્ર ઈશ્વરીય સ્મરણ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. પણ એ માર્ગ પણ સરળ ને સહજ નથી. એક ભજનની પંકિત યાદ આવે છે:

'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને

પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જો ને.

જીવનમાં આધ્યાત્મિક અભિગમ કેળવવા, ઈશ્વરની પ્રાપ્તિ કરવા શ્રધ્ધા અને શરણાગતિ સૌ પ્રથમ આવશ્યક અને અનિવાર્ય શરત છે. હરિનો માર્ગ શૌર્યથી મંડિત છે. એમાં કાયરતા, નમાલાપણું, લાચારીનું કામ નથી. સંસારની સમસ્યાઓના શમન માટે કે કેવળ ઈશ્વરપ્રીતિ અર્થે જીવ જ્યારે એને શરણે જાય છે ત્યારે ખમીર અને ખુમારી જોઈએ. કારણ કે એમાં અનેકાનેક સાંસારિક, ભૌતિક, આધ્યાત્મિક,કૌટુંબિક,સામાજિક સમસ્યાઓ, વિરોધો, અવરોધો અનેક પ્રકારે આપણને ઘેરી વળે છે. એની સામે ઝઝૂમવા, ટકી રહેવા આત્મબળ જરૂરી છે. માનસિક સજ્જતા, જરૂરી છે.

> ઇશ્વરવિમુખ થઇ જાય છે તે જીવનમાં સાંસારિક અને આધ્યાત્મિક રીતે કંઇ જ પ્રાપ્ત કરી શકતો નથી. પણ જે એમાં ખૂંપી જાય છે. ડૂબી જાય છે.અડીખમ રહે છે તે મહાસુખ માણે છે

## માધવ મલ્હાર
**તપન ત્રિવેદી**

મનને મજબૂત કરવા, આત્મબળ કેળવવા અનેક ઉપાયોછે.સદ્ગ્રંથોનું,સાહિત્યિક વાચન,મનન, ચિંતનથી વિચારધારાનો એક પિંડ બંધાય છે. એ વિચારધારા મનને મજબૂત કરવામાં ઘણો મોટો ભાગ ભજવે છે. સંતોનો સત્સંગ કરવાથી, તેઓનાં પ્રવચનો, કથા સાંભળવાથી આપણી મૂંઝવણો, સમસ્યાઓનો ઘણો ઉકેલ મળી જાય છે અથવા એમાંથી કેવી રીતે બહાર નીકળવું તે આપણને સમજાય છે. એમાંથી કેટલીય વાતો સાંભળીએ ત્યારે આપણને થાય કે આ તો મારી જ વાત છે.જેમ આકાશમાંથી વાદળો વિખેરાઈ જાય તેમ મૂંઝવણોનો ભાર એકદમ દૂર જ થઈ જાય છે અને પછી જે હળવાશ અનુભવાય તે સ્વાનુભવનો વિષમ બની રહે છે.

આજની કહેવાતી આધુનિકતાના પ્રવાહમાં માનવીને નૈતિક મૂલ્યોનું કોઇ મૂલ્ય જ નથી. આપણાં પોતીકાં સ્વજનો, મિત્રો, સ્નેહીઓમાં નૈતિક મૂલ્યોના અભાવે આપણે ઘણી વાર વિષમતામાં અટવાઈ જઈએ છીએ પણ આપણે અંગત રીતે નૈતિકતા, પ્રામાણિકતા અને પવિત્રતાને આપણા જીવનમાં આત્મસાત કરતાં જઈએ અને ઈશ્વરનું સ્મરણ કરતાં જઈએ.એમ કરતાં જગત આપણી હાંસી ઉડાવશે.આપણને સતત ખોટા ચિતરવાનો જ પ્રયાસ કરશે. આપણને નીચા પાડવાની જ પેરવીમાં રહેશે તેવા સમયે ઈશ્વરીય સ્મરણ આપણું કવચ, આપણું બળ,આપણી હિંમત બની રહેશે. એટલે જ 'હરિનો મારગ શૂરાનો' કહ્યો છે. એમાં ઢીલોપોચાનું કામ નથી.

પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જો ને

માંહી પડયા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને.

આ દિવ્ય પ્રેમનો પંથ પવિત્ર જવાળાઓથી ભરેલો છે. એ જવાળા એટલા માટે કે એથી ઉપાસકની તાવણી થાય છે, કસોટી થાય છે, જે એનાથી ડરીને કાયર થઈને ભાગી જાય છે, ઈશ્વરવિમુખ થઈ જાય છે તે જીવનમાં સાંસારિક અને આધ્યાત્મિક રીતે કંઈ જ પ્રાપ્ત કરી શકતો નથી. પણ જે એમાં ખૂંપી જાય છે. ડૂબી જાય છે.અડીખમ રહે છે તે મહાસુખ માણે છે. એ મહાસુખ કેવું છે, શું છે તે દરેકનો અંગત અનુભવનો વિષય છે. જેઓ આ મહાસુખ માણનારાને જુએ છે તેઓ ઈર્ષ્યાની આગમાં શેકાય છે. દાઝે છે.

એટલે જ જીવન જીવવા માટે અને જીવનમાં ઈશ્વરની પ્રેરણા, શક્તિ, કૃપા, આશીર્વાદ મેળવવા ગમે તેવા વિષમ, વિકટ સંજોગોમાં પણ ઈશ્વરીય સ્મરણના સાતત્યને તૂટવા દેવું નહીં.આ સાતત્યની સાથે જ અનુભવાશે કે કોઈ અદષ્ટ દ્દષ્ટિ, કોઈક અગોચર બળ આપણામાં કોઈક અનોખી શક્તિ પ્રેરી રહ્યું છે. ગતિ કરાવી રહ્યું છે અને પ્રગતિના પંથે આંગળી ઝાલીને દોડાવી રહ્યું છે, માટે સ્મરણના સાતત્યને તૂટવા નહીં દઈએ તો જ મહાસુખ માણી શકીશું.

# દિવાળીને માનવતાના દીપ પ્રાગટ્યનું પર્વ બનાવીએ



'અસતો મા સદ્ ગમય, તમસો મા જ્યોતિર્ગમય મૃત્યુર્મોમૃતં ગમય-' બૃહદ આરણ્યક ઉપનિષદ. 1/ 3/28. સ્વયં દીપાવલી અંધકારથી પ્રકાશ તરફની ગતિ છે તે માટે દીવા પ્રગટાવવામાં આવે છે. 'તમસો મા જ્યોતિર્ગમય' જ્ઞાનથી માંડીને સર્વ પ્રકારના અંધકાર, અજ્ઞાનને દૂર કરવાનું પ્રતીક દીવો છે અને દિવાળી આવા ઉજાસનું પર્વ છે. દીવાથી માંડીને ઝગમગતી રોશનીનો શણગાર આ સપ્તાહમાં જોવા મળશે અને વિક્રમ સંવત 2080 ખાટીમીઠી યાદો સાથે કાળની ગર્તામાં વિલીન થઈ જશે. વિક્રમ સંવત 2081નો નવી આશા, ચેતના, ઉમંગ સાથે શુભારંભ થશે તો ભગવાન મહાવીરના જૈન સંવત 2551નો પણ શુભારંભ થશે. આપણે ત્યાં શક સંવત, ભગવાન ઈસુનું ઈસવીસન સંવત, યુધિષ્ઠિર સંવત જેવા અનેક સંવતો પ્રજા, પ્રદેશ અને સંપ્રદાય અનુસાર અલગ અલગ છે. પારસી, મુસ્લિમ, બૌદ્ધ, યહૂદીથી માંડીને આંધ્ર, કેરળ, આસામ, પંજાબ, નેપાળ, ચીન દરેકના અલગ અલગ સંવતો અલગ અલગ સમયે આવે છે તેની રોચક વાતો ફરી ક્યારેક.

આપણે ત્યાં ધર્મ, કર્મ, તહેવારો વગેરે માટે વિક્રમ સંવત ગણતરીમાં લેવામાં આવે છે. જેનો પ્રારંભ ઉજ્જૈનના પ્રજાવત્સલ રાજા વિક્રમાદિત્યના નામે ઈસ્વીસન પૂર્વે 57માં સોમનાથમાં થયો હતો. વિક્રમાદિત્યે પ્રજાનું તમામ જાહેર,ખાનગી દેવું સુદ્ધાં માફ કર્યું હતું. તેની પ્રજા કલ્યાણની પ્રવૃત્તિઓથી ખૂબ લોકચાહના મેળવી હતી તેના માનમાં વિક્રમ સંવત શરૂ થયો હોવાની વાત છે. ગોવત્સ બારસ, વસુ બારસ, વાઘ બારસ, વાક્ બારસથી દિવાળીના તહેવારોનો પ્રારંભ થાય છે.ગૌમાતાનું પૂજન, સુરતમાં વિવિધ ભાષાઓનું કવિ સંમેલન, તો આદિવાસી વિસ્તારોમાં વાઘની પ્રતિમાનું પૂજન કરવાની પરંપરા છે.

ધનતેરસે લક્ષ્મીજીનું, ધનનું, સોના-ચાંદીનાં આભૂષણોનું પૂજન કરવાનો, શ્રી સૂક્ત, મહાલક્ષ્મીના મંત્રજાપ કરવાનો મહિમા છે. આ દિવસે સોના,ચાંદીની ખરીદી કરવાની પરંપરા પણ છે પરંતુ આ દિવસ આરોગ્યના દેવ ભગવાન ધન્વંતરીનો પ્રાગટ્ય દિન પણ છે તેનું પૂજન કરી આરોગ્યની કામના કરવી પ્રવર્તમાન સમયમાં ખૂબ જરૂરી છે પરંતુ ભૌતિકતાના પ્રભાવમાં ધન્વંતરી પૂજન ભુલાઈ જાય છે. ખરી સંપત્તિ આરોગ્ય-તંદુરસ્તી છે એટલે 'હેલ્થ ઈઝ વેલ્થ' કહેવાય છે. આરોગ્ય સારું હોય તો મહેનત કરી ધનસંપત્તિ મેળવી શકાય. માત્ર પૂજાપાઠ કરવાથી લક્ષ્મીજીની મહેર કેવી રીતે થાય? લક્ષમયી બનો તો લક્ષ્મીજી પધારે. દિવાળીના એક દિવસ પૂર્વે કાળી ચૌદસ ઉજવાય છે. જે યમ ચતુર્દશી, નરક ચતુર્દશી,નાની દિવાળી, રૂપ ચૌદસ તરીકે પણ ઓળખાય છે. મૃત્યુના દેવતા યમરાજની પૂજાનું વિધાન છે. સાંજના સમયે યમદીપ દાન, ચાર ચકલે તથા હનુમાનજીને પૂરી-વડાં ધરાવવાની પરંપરા છે. એવી માન્યતા છે કે યમદીપ દાનથી, પૂજનથી અકાળ મૃત્યુથી મુક્તિ મળે છે. આરોગ્યની સુરક્ષા થાય છે. એક કથા મુજબ, ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી 16100 અપહૃત કન્યાઓને નરકાસુરના ત્રાસમાંથી મુક્ત કરાવી હતી. કાળી ચૌદશે સૂર્યોદય પહેલાં શરીરે તેલમાલિશ કરી સુગંધી દ્રવ્યોથી સ્નાન કરવાનો તથા તલના તેલથી યમ તર્પણ કરવાની પરંપરા છે.

જે અંગે પદ્મપુરાણ, ભવિષ્ય પુરાણમાં વિધિવિધાન અને મહિમા સમજાવ્યા છે.

કાળી ચૌદસે તંત્ર વિદ્યાના સાધકો વિવિધ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરવા તાંત્રિક સાધના, સ્મશાન સાધના કરે છે. અયોધ્યા સહિત કેટલાંક સ્થળોએ હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવે છે. હનુમાનજીની વિધિવત પૂજા,અર્ચના હનુમાન ચાલીસાના પાઠ કરી કલ્યાણની કામના કરવામાં આવે છે. એવી માન્યતા છે કે નરક ચૌદસે સૂર્યાસ્ત પછી ઘર, વ્યવસાયના સ્થળે તેલના દીવા પ્રગટાવવા જોઈએ, તેલની દીપમાળા પ્રગટાવવાથી લક્ષ્મીજી સ્થાયી થાય છે. એવું સ્વયં ભગવાન વિષ્ણુએ બલિરાજાને કહ્યું હતું. ભગવાન વિષ્ણુએ બલિરાજાને ધનતેરસથી દિવાળી સુધીના ત્રણ દિવસો દીવા પ્રગટાવનારના ઘરમાં લક્ષ્મીજીના સ્થાયી નિવાસનું વરદાન આપ્યું હતું. તે દિવસે મધરાતે ઘરનો નકામો કચરો, સામાન બહાર ફેંકી દેવાથી દરિદ્રતાનું નિવારણ થતું હોવાની માન્યતાને કારણે દિવાળીમાં ઘરની સાફ-સફાઈની પરંપરા ચાલી આવી છે. દિવાળીના દિવસે દીપમાળાઓ તો ખરી જ સાથે સાથે ગણેશજી, લક્ષ્મીજી અને કુબેરની પૂજા કરવાનું વિધાન છે. વ્યાપારીઓ તેમનાં કામ, ધંધાના હિસાબી ચોપડાનું પૂજન કરે છે અને નવું વર્ષ બરકતવાળું રહે તેવી પ્રાર્થના કરે છે.

> એવી માન્યતા છે કે નરક ચૌદસે સૂર્યાસ્ત પછી ઘર, વ્યવસાયના સ્થળે તેલના દીવા પ્રગટાવવા જોઈએ, તેલની દીપમાળા પ્રગટાવવાથી લક્ષ્મીજી સ્થાયી થાય છે. એવું સ્વયં ભગવાન વિષ્ણુએ બલિરાજાને કહ્યું હતું. ભગવાન વિષ્ણુએ બલિરાજાને ધનતેરસથી દિવાળી સુધીના ત્રણ દિવસો દીવા પ્રગટાવનારના ઘરમાં લક્ષ્મીજીના સ્થાયી નિવાસનું વરદાન આપ્યું હતું

## ધર્મ મર્મ
**શ્રીજીવ વ્યાસ**

દિવાળીનો બીજો દિવસ નૂતન વર્ષ તરીકે બલિ પ્રતિપદા તરીકે ઉજવાય છે. લોકો પૂજાપાઠ, મંદિરે દર્શન, દાનપુણ્ય કરે છે. પરસ્પરને મળીને નવા વર્ષની શુભેચ્છા પાઠવવાની પરંપરા છે. ગોવર્ધન પૂજા કરવામાં આવે છે તથા અન્નકૂટનો ભોગ ધરાવાય છે. ભાઈબીજ પાંચ દિવસના દિવાળી પર્વનો અંતિમ દિવસ છે. ભાઈ બહેનના પ્રેમના પ્રતીક રૂપે બહેન ભાઈના દીર્ઘાયુ માટે યમરાજને પ્રાર્થના કરે છે. આ તો થઈ દિવાળીના પાંચ દિવસીય પર્વની વાત પરંતુ દિવાળી માત્ર ઉજાસનું પ્રતીક નથી પરંતુ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવાનું અને પ્રવર્તમાન પરિસ્થિતિમાં આધિ,વ્યાધિ,ઉપાધિથી, અજંપાથી પીડાતા સમાજના નબળા વર્ગો પ્રત્યે માનવતા, પ્રેમ, દયા, કરુણા પ્રગટાવવાનું પર્વ છે. કોઈ ગરીબ, નિરાધારના ચહેરા પર આપણી કોઈ પણ પ્રકારની મદદ થકી સ્મિત પ્રગટે એ પણ દીપ પ્રાગટ્ય જ છે એટલે માનવતાના દીપ પ્રગટી ઉઠે અને ગરીબ વર્ગ દિવાળી ઉજવી શકે તે આપણી નૈતિક જવાબદારી, ધર્મ છે અને તેનું આચરણ કરી માનવતાના દીપ પ્રગટાવીએ તે ઉત્તમ દિવાળી ગણાય. દિવાળી તથા નૂતન વર્ષની સૌને હાર્દિક શુભકામનાઓ. 'ઈદં ન મમ'